The Notice(es) including the Borrowers/Guarantors/Mortgagors once again hereby notified to pay the sum as mentioned above along with up-to-date interest and ancillary expenses before the date of e-auction, failing which the secured asset will be auctioned/sold and balance dues, if any will be recovered with interest and cost. If auction fails due to any reasons whatsoever, the Bank would be at liberty to sell the above secured asset through private treaty or any other means without any further notice to the Notice(es) including the Mortgagor/s as per the provisions mandated under SARFAESI Act and the Rules thereunder.

Date: November 04, 2026
Place: Gujarat

Sd/-
Authorized Officer
ICICI Bank Limited







આજરોજ તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ " વિશ્વ એકતા દિન " નિમીતે નવલખી ગ્રાઉન્ડ ખાતે " રન ફોર યુનીટી " નો કાર્યક્રમ મે.પોલીસ કમિશ્નર શ્રી નરસિમ્હા કોમાર સાહેબ નાઓના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ જેમાં ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ સાહેબ તથા સંસદ સભ્યશ્રી હેમાંગ જોષી તથા વડોદરા મેયરશ્રી ગીતાબેન મકવાણા તથા ડેપ્યુટી મેયરશ્રી આદિત્ય પટેલ તથા ધારાસભ્યશ્રી બાળુ શુક્લા તથા ધારાસભ્યશ્રી કેયુર રોકડીયા તથા ધારાસભ્યશ્રી સતીષભાઇ તથા ધારાસભ્યશ્રી વી.એમ.સી. કમિશ્નરશ્રી અરૂણ મહેશબાબુ નાઓ ઉપસ્થિત રહેલ અને આશરે દસ હજાર જેટલી જનમેદની હાજર રહેલ જે કાર્યક્રમ દરમ્યાન " વિશ્વ એકતા દિન " નીમીતે શપથ લેવડવવામાં આવેલ અને ત્યારબાદ માનનીય મુખ્યમંત્રી સાહેબશ્રી દ્વારા રન ફોર યુનીટી નુ ફ્લેગ ઓફ કરી નવલખી ગ્રાઉન્ડથી પોલો ગ્રાઉન્ડ સુધી માર્ચ કરવામાં આવેલ અને કાર્યક્રમને સફળ બનાવેલ છે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે નવગઠિત અમદાવાદ હેરિટેજ સિટી ડાક મંડળ તથા પોસ્ટમાસ્ટર જનરલ (લોજિસ્ટિક્સ) ઓફિસ નું કર્યું ઉદ્ઘાટન

ડાક સેવાઓના વિસ્તરણ, વધુ સારા વ્યવસ્થાપન અને બદલાતી જરૂરિયાતોને અનુરૂપ આધુનિક, જવાબદાર અને મજબૂત ડાક નેટવર્કના નિર્માણની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું

પી.આઈ.બી. અમદાવાદ

ભારતીય ટપાલ વિભાગે સ્પર્ધાત્મક વાતાવરણમાં સેવા વિતરણને વધુ સુદ્રઢ બનાવવા, વ્યાપારિક પ્રવૃત્તિઓના વિસ્તરણ, કાર્યક્ષમતામાં વધારો તથા આવકમાં સતત વૃદ્ધિ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે સમગ્ર દેશમાં વહીવટી વ્યવસ્થાને વધુ અસરકારક અને પરિણામલક્ષી બનાવવા માટે વહીવટી એકમોનું પુનર્ગઠન કર્યું છે. આ જ ક્રમમાં ગુજરાત સર્કલમાં અમદાવાદ, વડોદરા અને રાજકોટ ઉપરાંત સુરત ખાતે નવા ડાક પરિક્ષેત્રની રચના કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે, ડાક વિભાગે લોજિસ્ટિક્સ વ્યવસાયને પ્રાથમિકતા આપતાં પોસ્ટમાસ્ટર જનરલ (લોજિસ્ટિક્સ), ગુજરાત સર્કલ તથા નિદેશક (સેલ્સ)ના નવા પદો અને તેમના માટે ઓફિસોની સ્થાપનાને મંજૂરી આપી છે. ગુજરાતમાં પાંચ નવા પોસ્ટલ વિભાગો— અમદાવાદ હેરિટેજ સિટી, અમદાવાદ ઉત્કર્ષ, દાહોદ, સુરત (પૂર્વ) અને ગાંધીધામની રચના કરવામાં આવી છે. વહીવટી પુનર્ગઠનની આ નવી વ્યવસ્થા ૧ નવેમ્બર, ૨૦૨૬થી અમલી બનશે.

અમદાવાદ જીપીઓ પરિસરમાં નવસર્જિત અમદાવાદ હેરિટેજ સિટી ડાક મંડળનો શુભારંભ કરતાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લામાં ડાક વહીવટી વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત બનાવવા માટે હવે ત્રણ ડાક મંડળો – અમદાવાદ સિટી, અમદાવાદ હેરિટેજ સિટી અને અમદાવાદ ઉત્કર્ષ કાર્યરત રહેશે. આ ત્રણેય ડાક મંડળોનાં મુખ્ય મથકો અનુક્રમે નવરંગપુરા હેડ પોસ્ટ ઓફિસ, અમદાવાદ જીપીઓ અને ધોળકા પોસ્ટ ઓફિસ બિલ્ડિંગ પરિસરમાં સ્થાપિત કરવામાં આવશે.

નવસર્જિત અમદાવાદ હેરિટેજ સિટી ડાક મંડળ હેઠળ અમદાવાદ શહેરના પૂર્વીય વિસ્તારની પોસ્ટલ વ્યવસ્થાનું સંચાલન કરવામાં આવશે. જ્યારે અમદાવાદ ઉત્કર્ષ ડાક મંડળ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં આવેલા સાણંદ, વિરમગામ, માંડલ, ધોળકા, બાવળા, ધંધુકા અને ધોલેરા તાલુકાઓમાં પોસ્ટલ સેવાઓ તથા વહીવટી પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવશે. આ વ્યવસ્થાથી શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં પોસ્ટલ સેવાઓના વધુ સારા સંચાલન, દેખરેખ અને મોનિટરિંગમાં સુવિધા રહેશે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટ પરિક્ષેત્ર હેઠળ અગાઉ સમાવિષ્ટ ભાવનગર અને સુરેન્દ્રનગર ડાક મંડળોનો હવે ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવતાં આ પરિક્ષેત્રમાં ડાક મંડળોની કુલ સંખ્યા વધીને નવ થશે. આ સાથે ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર ગુજરાત સર્કલનું સૌથી મોટું ડાક પરિક્ષેત્ર બનશે. તેમાં અમદાવાદ સિટી, અમદાવાદ હેરિટેજ, અમદાવાદ ઉત્કર્ષ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સુરેન્દ્રનગર અને ભાવનગર ડાક મંડળોનો સમાવેશ થશે. આ ઉપરાંત, પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે અમદાવાદના શાહીબાગ સ્થિત સ્પીડ પોસ્ટ ભવન ખાતે નવસર્જિત પોસ્ટમાસ્ટર જનરલ (લોજિસ્ટિક્સ) કચેરીનો પણ શુભારંભ કર્યો હતો.

ટ્રુ હોમ ફાઈનાન્સ લીમીટેડ
(વિધિવત શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડ તરીકે જાણિતી)

Truhome FINANCE

રજીસ્ટર્ડ ઓફિસઃ શ્રીનિવાસ ટાવર, પહેલો માળ, દરવાજા નં.૫, જુનો નં.૧૧, બીજી લેન, સેનાટોફા રોડ, અલવરપેટ, ટેયનામપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૮
હેડ ઓફિસ : લેવલ-૩, વોકહાર્ડ ટાવર્સ, ઈસ્ટ વિંગ, સી-૨ જી બ્લોક, બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્ષ, બાન્દ્રા (ઈસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૧
વેબસાઈટ : http://www.truhomefinance.in

સાંકેતિક કબ્જા નોટીસ

આથી અહીં જણાવવાનું કે ટ્રુ હોમ ફાઈનાન્સ લિમિટેડના નીચે સહી કરનાર (અગાઉ શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડ તરીકે જાણિતી)ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (જણાવેલ કાયદા) નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ દેવાદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.

દેવાદારો દ્વારા રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જતાં, દેવાદારો અને સામાન્ય જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડ (જે અગાઉ શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી) ના અધિકૃત અધિકારી તરીકે, અત્રે નીચે વર્ણવેલ મિલકતનો સાંકેતિક કબજો લેવામાં આવ્યો છે. આ કાર્યવાહી ઉક્ત કાયદાની કલમ ૧૩(૪) હેઠળ અને તે સાથે સંબંધિત નિયમોના નિયમ ૮ અન્વયે મળેલ સત્તાનો ઉપયોગ કરીને, તારીખ ૩૧/૧૦/૨૦૨૬ અને ૦૨/૧૧/૨૦૨૬ ના રોજ કરવામાં આવી છે.

દેવાદારો અને ખાસ કરી જાહેર જનતાને મિલકત સાથે કોઈ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ સોદો ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડ તરીકે જાણિતી) નીચે જણાવેલ રકમ તેમજ તેના પર વ્યાજના ચાર્જને આધિન રહેશે.

કરજદારો ધ્યાન આપે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુકત કરાવવાનો સમય મળે છે. તે માટે કરજદારોને આમંત્રીત કરવામાં આવે છે.

દેવાદારનું નામ અને સરનામું

૧) શ્રી. લોટીયા જુજારભાઈ અબ્બાસભાઈ
૨) લોટીયા ઝૈનબ જુજારભાઈ
૩) શ્રી. લોટિયા અબડાસાલી ફિદાલી
વર્તમાન અને કાયમી, વ્યવસાયનું સરનામુંઃ- સરવૈયા સ્ટ્રીટ, કસાલા બાપુ નાકા, ગુંદાલા પેટ્રોલ પંપ. ગોંડલ - ૩૬૦૩૧૧,
મિલકતનું સરનામુંઃ - હાતિમી મંજિલ, સીએસ નં. ૨૭૩૨ વોર્ડ નં. ૨ એસટી નં. શીટ નં. ૧૪૦ ભટ્ટ ગોપાલજી એસટી., ખોડિયાર મંદિર પાસે, નગર સ્ટ્રીટ, જેલ ચોક મેઈન રોડની બહાર, ગોંડલ – ૩૬૦૩૧૧.

ડિમાન્ડ નોટિસ મુજબ બાકી રકમ

લોન ખાતા નંબર SHLHRAJK0001675 ના સંદર્ભમાં, તારીખ ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ રૂ. ૪૧,૧૦,૮૫૦.૮૬/- (અંકે રૂપિયા એકતાલીસ લાખ દસ હજાર આઠસો પચાસ અને છયાંસી પૈસા માત્ર) અને લોન ખાતા નંબર SULHRAJK0001677 ના સંદર્ભમાં, તારીખ ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ રૂ. ૨,૦૬,૯૯૬.૦૦/- (અંકે રૂપિયા બે લાખ છ હજાર નવસો છન્નું માત્ર).
માગણા નોટિસની તારીખ ૧૪/૦૮/૨૦૨૬.
સાંકેતિક કબજાની નોટિસની તારીખ ૦૨/૧૧/૨૦૨૬.

ગીરો મિલકતનું વિવરણ

રહેણાંક મકાન માટેની જમીન, ક્ષેત્રફળ ૭૫.૧૩ ચો.મી. (પશ્ચિમ બાજૂ), ભટ્ટ ગોપાલજી સ્ટ્રીટ, ખોડિયાર ફળી, ગોંડલ; CSW-2, શીટ ૧૪૦, CS 2732p, જિલ્લો રાજકોટ. સદર મિલકતની હદઃ ઉત્તર - લાગુ CSN 2733, દક્ષિણ - રસ્તો, પૂર્વ - લાગુ CSN 2732p, પશ્ચિમ - લાગુ CSN 2734.

દેવાદારનું નામ અને સરનામું

૧) સુપિરિયર ટેક્નોફોર્જ
૨) શ્રી રાઠોડ અમિતકુમાર વી.
૩) રાઠોડ તૃપ્તિ અમિતકુમાર
વર્તમાન અને કાયમી, વ્યવસાય અને મિલકતનું સરનામુંઃ- સુપિરિયર ટેક્નોફોર્જ, આર સર્વે નંબર ૧૩૬ પી૧ સોહમ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, તાલુકા ગોંડલ ગુંડાસરા, રાજકોટ- ૩૬૦૩૧૧.
હાલનું સરનામુંઃ- મિ. રાઠોડ અમિતકુમાર વી.
બ્લોક નં.૪, ખોડિયાર નગર, ગાયત્રી નગર શેરી નં.૧, વેરાવળ શાપર, સરદાર ચોક પાસે, વિશ્વનાથ મહાદેવ સામે, વેરાવળ શાપર, કોટડા સનાગનાઈઃ - ૩૬૦૦૨૪
કાયમી સરનામુંઃ- ખોડલ રેસીડેન્સી, BLK 125, પીપળીયા પાલ, રાજકોટ-૩૬૦૩૧૧
મિલકતનું સરનામુંઃ- પ્લોટ નં.૧, સોહમ ઈન્ડસ્ટ્રીયલ એરિયા ગુંદાસર સર્વે નં. 136p1, રાજેશ મશીન ટૂલ્સ પ્રાઈવેટ લિમિટેડ પાસે, ગુંદાસર ગામ રોડ બહાર, એસપી.નં. ૧, ગોંડલ-૩૬૦૩૧૧.
કાયમી સરનામુંઃ- રાઠોડ તૃપ્તિ અમિતકુમાર.
બ્લોક નં. ૩૫ ક્યુટ. નંબર ૪૧૧-દિનદયાળ નગર, કોઠારિયા, ગોંડલ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨.

ડિમાન્ડ નોટિસ મુજબ બાકી રકમ

લોન ખાતા નં. SLPHRAJT0000192 ના સંદર્ભમાં, તા. ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ રૂ. ૪૪,૮૮,૫૮૬.૦૪/- (અંકે રૂપિયા ચુંમાલીસ લાખ ઈઠિયાસી હજાર પાંચસો છયાંસી અને ચાર પૈસા માત્ર) અને લોન ખાતા નં. TLPHRAJT0000613 ના સંદર્ભમાં, તા. ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ રૂ. ૩,૯૦,૦૩૪.૮૮/- (અંકે રૂપિયા ત્રણ લાખ નેવું હજાર ચોત્રીસ અને ઈઠિયાસી પૈસા માત્ર).
માગણા નોટિસ તારીખ ૧૪/૦૮/૨૦૨૬. સાંકેતિક કબજાની નોટિસ તારીખ ૦૨/૧૧/૨૦૨૬.

ગીરો મિલકતનું વિવરણ

રાજકોટ નોંધણી જિલ્લાના ગોંડલ પેટા-જિલ્લામાં, ગુંદાસરા (RSN 136p1) ખાતે આવેલ પ્લોટ નં. ૧ પરના ઔદ્યોગિક શેડ સહિતની સમગ્ર મિલકતનું વર્ણન, જેનું ક્ષેત્રફળ ૩૮૨.૭૬ ચોરસ મીટર છે. તેની સીમાઓઃ ઉત્તરે - વેરાવળ ગામની હદ, દક્ષિણે - રસ્તો, પૂર્વમાં - પ્લોટ નં. ૨, પશ્ચિમમાં - કોમન પ્લોટ.

સ્થળ : સુરેન્દ્રનગર, રાજકોટ
તારીખ : ૦૩.૧૦.૨૦૨૬
સહી/- અધિકૃત અધિકારી ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડ
(શ્રી રામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે અગાઉ જાણિતી)

ભૌતિક કબ્જા નોટીસ

ICICI Bank

શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફિસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧, પ્લોટ નં.બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે (વેસ્ટ)-૪૦૦૬૦૪

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ,૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે. કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો ભૌતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર	મિલ્કતોની વિગતો / ભૌતિક કબ્જાની તારીખ	ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂા)	શાખાનું નામ
1.	સાપ્રેમ પંકજભાઈ ભાટિયા / ભાટિયા ઉષાબેન / LBBRD00005539009	ફ્લેટ નં.૫૦૩, પાંચમો માળ, બિલ્ડિંગ નં.ઇ, સોમનાથ હેરિટેજ, શૈષવ સ્કૂલ પાસે, જુના સર્વે નં.૧૧૮, બ્લોક નં.૯૭, સેવાસી કેનાલ રોડ, ગોત્રી, સેવાસી, વડોદરા-૩૯૦૦૨૧./ ૩૧-ઓક્ટોબર-૨૦૨૬	January 30, 2026 Rs. 11,93,948.99/-	વડોદરા
2.	ગંગુડે માનશી / ગંગુડે ભાસ્કર સંતોષરાવ / LBBRD00005737472	બ્લોક નં.૯, સન્ની રો-હાઉસીંગ, દંતેશ્વર તળાવ પાસે, સી.ટી.એસ.નં.૧૧૭પૈકી, ચાલતા નં.૯૧, શીટ નં.૯૬, સંતોષવાડી રોડ, દંતેશ્વર, વડોદરા -૩૯૦૦૦૪./ ૦૧-નવેમ્બર-૨૦૨૬	February 26, 2026 Rs. 14,03,499.37/-	વડોદરા
3.	ખુરેશી જાવિદ નુરમમદભાઈ / ખુરેશી અફસાના જાવિદભાઈ / TBMBI00006832160/ LBMBI00006859576/ TBMBI00006832161	પ્લોટ નં.-૨૪ની ખુલી જમીન, દક્ષિણ તરફ, રણછોડ નગર-૧, પાણીની ટાંકી પાસે, સર્વે નં.૧૪૫/૧, ૧૪૬, નાવલાખી રોડ, અમરેલી, મોરબી -૩૬૩૬૪૧./ ૦૧-નવેમ્બર-૨૦૨૬	October 31, 2025 Rs. 10,92,029.82/-	મોરબી

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલકતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : નવેમ્બર ૦૪, ૨૦૨૬
સ્થળ : વડોદરા અને મોરબી
નિષ્ઠાવાન અધિકૃત સહીકર્તા,
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ માટે

સમગ્ર દેશ અને ગુજરાતનું ગૌરવ

પાલનપુરના આંતરિયાળ ખસા ગામની યુવતી ડો. વિભા વણસોલાની ઇટલીમાં યોજાનાર આંતરરાષ્ટ્રીય ન્યુક્લિયર રિએક્શન ડેટા વર્કશોપમાં ભવ્ય પસંદગી




પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના નાના એવા આંતરિયાળ ખસા ગામની દીકરી અને ગાંધીનગર ખાતે સરકારી વિજ્ઞાન કૉલેજ (સેક્ટર-૧૫) ના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા ડૉ. વિભા બંકિમચંદ્ર વણસોલાએ શૈક્ષણિક તેમજ વૈજ્ઞાનિક સંશોધન ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરીને વિશ્વભરમાં ભારત અને ગુજરાતનું નામ રોશન કર્યું છે. આગામી તા. ૧ નવેમ્બરથી ૬ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન ઇટલીના પ્રખ્યાત ટ્રીસ્ટ શહેરમાં યોજાનાર અત્યંત પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય કક્ષાના 'ન્યુક્લિયર રિએક્શન ડેટા વર્કશોપ' માં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે તેમની પસંદગી કરવામાં આવી છે.

આ આંતરરાષ્ટ્રીય વર્કશોપનું સંયુક્ત આયોજન વિશ્વ વિખ્યાત 'ઈન્ટરનેશનલ સેન્ટર ફોર થિયોરેટિકલ ફિઝિક્સ', 'આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સી' અને યુનેસ્કોના ઉપક્રમે કરવામાં આવ્યું છે. સમગ્ર ભારતમાંથી આવેલી ૪૦ જેટલા ઉચ્ચ સંશોધકોની અરજીઓમાંથી માત્ર ત્રણ તજજ્ઞોની જ પસંદગી કરવામાં આવી છે, જેમાં ગુજરાતમાંથી ડૉ. વિભા વણસોલા સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે. આ પરિષદ દરમિયાન તેઓ ફાસ્ટ ન્યુટ્રોનનું યુરેનિયમ પર બોમ્બાર્ડમેન્ટ કરવાથી ઉદ્ભવતી વિવિધ જટિલ ન્યુક્લિયર પ્રક્રિયાઓ અંગે પોતે તૈયાર કરેલા મૌલિક સંશોધન પેપરનું આંતરરાષ્ટ્રીય મંચ પર પ્રેઝન્ટેશન રજૂ કરશે. ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા ડૉ. વિભા બંકિમચંદ્ર વણસોલાએ બી.એસસી, એમ.એસસી, એમ.ફિલ અને પીએચ.ડી. ની પદવી પ્રાપ્ત કરેલી છે. સમગ્ર વિશ્વમાંથી પસંદ થયેલા માત્ર ૩૩ વૈજ્ઞાનિકો અને સંશોધકોમાં સ્થાન મેળવીને આટલી ઉચ્ચ કક્ષાની વૈજ્ઞાનિક પરિષદમાં ભારત દેશનું પ્રતિનિધિત્વ કરવાની વિરલ તક ઝડપી લેવી એ તેમની અસાધારણ પ્રતિભા, સંશોધન ક્ષમતા અને સતત પરિશ્રમનું ઉત્કૃષ્ટ પરિણામ છે. આંતરિયાળ ગામમાંથી આવીને વૈજ્ઞાનિક ક્ષેત્રે ડંકો વગાડનાર દીકરીની આ ગૌરવવંતી ક્ષમતા બદલ સમગ્ર ધાણધાર વણકર સમાજ સહિત બનાસકાંઠા પંથકમાં ખુશીનો માહોલ છવાયો છે અને તેમના પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

પાલનપુરમાં ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈને અજાણી મહિલાનું સફળ રેસ્ક્યૂ કરી કાઉન્સેલિંગ દ્વારા પરિવાર સાથે મિલન કરાવ્યું



પાલનપુર

મહિલાઓની સુરક્ષા, સલામતી અને કટોકટીના સમયે ત્વરિત સહાય પૂરી પાડતી ગુજરાત સરકારની ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈનની ટીમ મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ માટે ફરી એકવાર દેવદૂત સાબિત થઈ છે. પાલનપુર પંથકમાંથી એક અજાણી મહિલા લાવારિસ હાલતમાં મળી આવ્યા બાદ અભયમ્ ટીમ દ્વારા સત્વરે સરાહનીય રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. એટલું જ નહી, કુશળ કાઉન્સેલિંગ દ્વારા તે મહિલાની ઓળખ પ્રસ્થાપિત કરી અંતે તેના પરિવારજનો સાથે કુશળતાપૂર્વક પુનઃ મિલન કરાવીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પાલનપુર-અમદાવાદ હાઈવે નજીકથી એક અજાણી મહિલા શંકાસ્પદ અને લાચાર હાલતમાં ફરી રહી હોવાની જાણ થતાં જ ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈનની રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. ટીમ દ્વારા તે મહિલાની શાંતિપૂર્વક પૂછપરછ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ માનસિક અસમંજસતા અને રોષના કારણે તે મહિલા ગુસ્સો કરીને ત્યાંથી ભાગવાનો પ્રયાસ કરવા લાગી હતી. જોકે, અભયમ્ ટીમની મહિલા કાઉન્સેલરે અત્યંત સંવેદનશીલતા અને હૂંફ સાથે તેને પ્રેમથી બેસાડીને શાંત પાડી હતી અને વિશ્વાસમાં લઈને વિગતો મેળવી હતી.

ટીમ દ્વારા કરવામાં આવેલી પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ મહિલા મૂળ અમદાવાદની રહેવાસી છે અને પરિવાર સાથે ઝઘડો થવાના કારણે તે છેલ્લા બે-ત્રણ મહિના અગાઉ ઘર છોડીને નીકળી ગઈ હતી. લાંબા સમય બાદ તે પોતાના ઘરે પરત ફરી હતી, પરંતુ ઘર બંધ હાલતમાં હોવાથી તથા તેને ચોક્કસ સરનામું કે પરિવારજનોનો સંપર્ક યાદ ન હોવાને કારણે તે રઝળી પડી હતી. મહિલાની આ સ્થિતિ પારખીને અભયમ્ ટીમ દ્વારા તેને સુરક્ષિત રીતે પાલનપુર ખાતેના 'સખી વન સ્ટોપ સેન્ટર'માં આશ્રય આપવામાં આવ્યો હતો.

ત્યારબાદ બીજા દિવસે સવારે સખી વન સ્ટોપ સેન્ટરના સહયોગથી અને ટેક્નિકલ માધ્યમો તથા લોકલ સોર્સની મદદથી તેના પરિવારજનોનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. પરિવારનો સંપર્ક થતાં જ અભયમ્ ટીમ દ્વારા કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરી આ મહિલાને તેના સ્વજનોને હેમખેમ સોંપવામાં આવી હતી. ઘર છોડીને રઝળી પડેલી દીકરી કે માતાને પરિવાર સાથે હેમખેમ મેળાપ કરાવનાર ૧૮૧ અભયમ્ હેલ્પલાઈનની આ સરાહનીય કામગીરીને લઈને સર્વત્ર પ્રશંસા થઈ રહી છે.

પાલનપુર નજીક ટ્રેનમાં સવાર રાજસ્થાનના વેપારીની રોકડ ભરેલી બેગની ચોરી, ૬૨ હજારના મત્તાની ઉઠાંતરી અંગે રેલવે પોલીસ મથકે ફરિયાદ

પાલનપુર, પાલનપુર રેલવે સ્ટેશન પરથી પસાર થતી વિવિધ ટ્રેનોમાં મુસાફરોના કિંમતી સામાન અને માલમત્તાની ચોરી તેમજ ચિલઝડપના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે. આ વચ્ચે ટ્રેનમાં સવાર થઈને કપડાંની ખરીદી અર્થે અમદાવાદ જઈ રહેલા રાજસ્થાનના એક વેપારીની રોકડ રકમ ભરેલી બેગ અને મોબાઈલની ચોરી થવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ બનાવ અંગે ભોગ બનનાર વેપારીએ પાલનપુર રેલવે પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવતાં પોલીસે તસ્કરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રાજસ્થાનના શિરોહી તાલુકાના ઝાડોલી ગામે રહેતા ભરતકુમાર ટેકારામ ઘાંચી નામના વેપારી વેપાર અર્થે કપડાની ખરીદી કરવા માટે પિંડવાડા રેલવે સ્ટેશનથી ગ્વાલિયર એક્સપ્રેસ ટ્રેનમાં સવાર થયા હતા. મુસાફરી દરમિયાન આબુરોડ સ્ટેશન નજીક આવતાં વેપારીને ઊંઘ આવી જતાં તેઓ સૂઈ ગયા હતા. ત્યારબાદ ટ્રેન પાલનપુર રેલવે સ્ટેશને પહોંચતાં જાગીને જોતાં તેમની પાસે રહેલી રૂપિયા ૬૦,૦૦૦ ની રોકડ રકમ ભરેલી બેગ તેમજ રૂપિયા ૨,૦૦૦ ની કિંમતનો ફોન ગાયબ જણાયો હતો.

રાજ રેયોન ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ

રજીસ્ટર્ડ ઓફિસ : સર્વે નં. ૧૭૭/૧/૩, ગામ - સુરંગી, જીલ્લો - સિલ્વાસા, દાદરા અને નગર હવેલી (યુટી) - ૩૯૬૨૩૦.
Tel: 91-22-40343434, Fax: 91-22-40343400, email: investors@rajrayon.com, website: www.rajrayon.com
CIN No.: L17120DN1993PLC000368

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સમાપ્ત થયેલા કવાર્ટર અને અર્ધ વર્ષના બિન-ઓડિટેડ નાણાંકીય પરિણામોની અર્ક

(તમામ રકમ રૂા. લાખો જયાં સુધી અન્યથા જણાવેલ હોય) (દીઠ ઈકિવટી શેર ડેટા સિવાય)

ક્રમ નં.	વિગતો	કવાર્ટર સમાપ્ત			વર્ષ સમાપ્ત
		30th September, 2026 (અનઓડિટેડ)	30th June, 2026 (અનઓડિટેડ)	30th September, 2025 (અનઓડિટેડ)	31st March, 2026 (ઓડિટેડ)
1	કામગીરીમાંથી કુલ આવક (ચોખ્ખી)	45,790.61	20,546.28	32,237.01	118,461.74
2	સમયગાળા માટે ચોખ્ખો નફો / નુકશાન (કર પહેલા અસાધારણ અને/અથવા અસાધારણ વસ્તુઓ)	2,415.92	806.90	992.06	3,230.77
3	કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો /નુકશાન (અસાધારણ અને/અથવા અસાધારણ વસ્તુઓ)	2,415.92	806.90	992.06	3,230.77
4	કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો / નુકશાન (અસાધારણ અને/અથવા અસાધારણ વસ્તુઓ)	2,298.95	685.88	801.97	3,399.28
5	સમયગાળા માટે કુલ વ્યાપક આવક (કર પછી) સમયગાળા માટે નફો / નુકશાન નો અને અન્ય વ્યાપક આવક	2,299.23	686.16	805.25	3,400.38
6	ઈકિવટી શેર કેપીટલ	5,560.82	5,560.82	5,560.82	5,560.82
7	અન્ય ઈકિવટી				7,586.64
8	શેર દીઠ કમાણી (દરેક ની પ્રત્યેકની ફેસ વેલ્યુ રૂા. ૧/-)	(not annualised)	(not annualised)	(not annualised)	(annualised)
	બેઝીક (રૂા.માં)	0.41	0.12	0.14	0.61
	ડાયલ્યુટેડ (રૂા.માં)	0.29	0.09	0.10	0.42

નોંધ:
૧. (એ). ઉપરોકત ઓડીટ કરાયેલ નાણાંકીય પરીણામોની સમીક્ષા ઓડીટ સમિતિ દ્વારા કરવામાં આવી છે અને ભલામણ કરવામાં આવે છે અને તા. નવેમ્બર ૦૩,૨૦૨૬ ના રોજ યોજાયેલી તેમની બેઠકોમાં ઓફ ડીરેકટર્સ દ્વારા મંજુર કરવામાં આવી છે.
(બી). આ પરિણામો કંપનીઓ (ભારતીય એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ્સ) નિયમો, ૨૦૧૫ અને કંપનીઓ (ભારતીય એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ્સ) સુધારા નિયમો, ૨૦૧૬ ના નિયમ ૩ સાથે વાંચેલા કંપની એકટ, ૨૦૧૩ ની કલમ ૧૩૩ હેઠળ નિર્ધારીત ભારતીય એકાઉન્ટિંગ ધોરણો અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે.
(સી). સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર જરૂરીયાતો) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૩૩ હેઠળ જરૂરી ઓડીટેડ નાણાંકીય પરીણામો કંપનીના ઓડીટર્સ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યા છે અને તેઓએ સંશોધિત અભિપ્રાય વ્યકત કર્યો છે.
૨. કવાર્ટર અને અર્ધ વર્ષના સમાપ્ત થયેલા નાણાંકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એકસચેન્જ ની વેબસાઈટ એટલે કે www.bseindia.com and www.nseindia.com અને કંપની ની વેબસાઈટ : www.rajrayon.com પર ઉપલબ્ધ છે.

સ્થળ : મુંબઈ
તારીખ : નવેમ્બર ૦૩,૨૦૨૬
બોર્ડ ઓફ ડિરેકટર્સ માટે અને વતી,
રાજ રેયોન ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ વતી,
રાજકુમાર સત્યનારાયણ અગ્રવાલ
મેનેજીંગ ડાયરેકટર

ICICI Bank

રજિસ્ટર્ડ કાર્યાલયઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, આઈસીઆઈસીઆઈ બેંક ટાવર, ચકલી સર્કલ પાસે, જૂના પાદરા રોડ, વડોદરા, ગુજરાત, પિન - ૩૯૦ ૦૦૭.
કોર્પોરેટ / શાખા કાર્યાલયઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૫૧.

જાહેર સૂચના - સુરક્ષિત સંપત્તિના વેચાણ માટે ટેન્ડર કમ ઈ-હરાજી

[નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ]

સ્થાવર સંપત્તિના વેચાણ માટેની સૂચના

'સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ (સરફેસી કાયદો), ૨૦૦૨' અને તેની સાથે 'સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (સરફેસી કાયદો)' ના નિયમ ૮ (૬) ની જોગવાઈ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી અને વેચાણ અંગેની આ જાહેર સૂચના સામાન્ય જનતાને તથા ખાસ કરીને ધિરાણ લેનાર(ઓ) અને જામીનદાર(ઓ)ને આપવામાં આવે છે કે, આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ (સુરક્ષિત લેણદાર/બેંક) પાસે ગીરો/ચાર્જ મૂકવામાં આવેલી નીચે જણાવેલ સ્થાવર મિલકત (સુરક્ષિત સંપત્તિ) - જેનો કબજો બેંકના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે - તેનું વેચાણ નીચે આપેલા કોષ્ટકમાં દર્શાવેલ વિગતો મુજબ 'જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં', 'જેવી છે તેવી', 'જે કંઈ પણ છે તે' અને 'કોઈ પણ જવાબદારી વિનાના ધોરણે' કરવામાં આવશે. રસ ધરાવતા વ્યક્તિઓ/ખરીદદારો પાસેથી અહીં નીચે જણાવેલ નિયમો અને શરતો અનુસાર ઓફર્સ (બોલી) આમંત્રિત કરવામાં આવે છે.

(રકમ રૂ.)

ક્રમ નં	દેવાદારોનું નામ/સહ-દેવાદારોનું નામ/ જામીનદારોનું નામ/ ગીરો મૂકનારનું નામ	જાણીતા બોજા સાથે સુરક્ષિત સંપત્તિઓની વિગતો, જો કોઈ હોય તો	બાકીની રકમ (૦૨ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ)	અનામત કિંમત / બાનાની થાપણ	મિલકત નિરીક્ષણની તારીખ અને સમય	ઈ-હરાજીની તારીખ અને સમય / બોલી ગુણાંક
(A)	(B)	(C)	(D)	(E)	(F)	(G)
૧.	ધિરાણ લેનારા ૧ઃ મેસર્સ ધીતિ, શ્રીમતી સુનિતાદેવી હરિ અગ્રવાલ ('માલિક') ધિરાણ લેનારા ૨ઃ મેસર્સ સોરિસો પેરેડાઈઝ શ્રી હરિ અગ્રવાલ ('માલિક') બાંયધરી આપનારઃ શ્રીમતી સુનિતાદેવી હરિ અગ્રવાલ, શ્રી હરિ અગ્રવાલ, કુ. નિવિકા અંકુર અગ્રવાલ અને શ્રી અંકુર હરિ અગ્રવાલ ('ઉધાર લેનારા ૧ અને ૨ માટે'). બાંયધરી આપનાર અને ગીરોઃ શ્રી મિથિલેશ પાઠક, શ્રીમતી રીટા પાઠક, શ્રી જયપ્રકાશ પાઠક અને શ્રીમતી અંકિતા અભિષેક ધોળાવાલા, ('ધિરાણ લેનારા ૧ અને ૨ માટે')	ફાઈનલ પ્લોટ નં. ૪૭ પર આવેલ 'સફલ બંગલોઝ'નો પ્લોટ નં. બી૭, જેનું ક્ષેત્રફળ આશરે ૧૫૪.૮૬ ચો.મી. (સ્થળ પરની સ્થિતિ મુજબ) (મંજૂર પ્લાન મુજબ ૧૪૯.૮૬ ચો.મી.) છે અને તેની સાથે ૫૩.૮૦ ચો.મી.નો માર્જિન વિસ્તાર પણ સામેલ છે. ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૪૩ (ભીમરાડ) હેઠળ આશરે ૬૩૮૮ ચોરસ મીટરનું ક્ષેત્રફળ ધરાવતું ભીમરાડ ગામ (તાલુકાઃ સિટી, જિલ્લોઃ સુરત) ની રેવન્યુ સર્વે નંબર ૪૬ (એટલે કે બ્લોક નંબર ૧૦૫ પૈકી) વાળી જમીન પર સુરત-૩૯૫ ૦૦૭ ખાતે આવેલ. ('ધિરાણ લેનાર ૧ અને ૨ ના બાકી લેણાં સામે ક્રોસ કોલેટરલ સિક્યોરિટી')	મેસર્સ ધિતિઃ- રૂ. ૧,૪૫,૩૯,૭૬૧.૦૫/- અને મેસર્સ સોરીસો પેરાડાઈઝઃ- રૂ. ૨,૦૯,૬૩,૫૦૫.૯૯/- કુલઃ રૂ. ૩,૫૫,૦૩,૨૬૭.૦૪/-	રૂ. ૨,૩૫,૦૦,૦૦૦/- / રૂ. ૨૩,૫૦,૦૦૦/-	૧૩ નવેમ્બર, ૨૦૨૬, સવારે ૧૧:૦૦ વાગ્યાથી બપોરે ૩:૦૦ વાગ્યા સુધી	૨૩ નવેમ્બર, ૨૦૨૬ બપોરે ૦૨:૦૦ વાગ્યાથી / રૂ.૧,૦૦,૦૦૦/-

ધિરાણ લેનારાઓ, ગીરો મૂકનારાઓ અને જામીનદારો ને ઉપર કોલમ ડીમાં દર્શાવેલ કુલ બાકી રકમ રૂ. ૩,૫૫,૦૩,૨૬૭.૦૪/- તથા તેના પર લાગુ પડતું કરાર મુજબનું વધારાનું વ્યાજ ચૂકવવાની અંતિમ તક આપવામાં આવે છે. સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે સદરહુ બાકી રકમ ૨૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યા સુધીમાં અથવા તે પહેલાં ચૂકવવાની રહેશે; તેમ કરવામાં નિષ્ફળ જતાં, ઉપર દર્શાવેલ કોષ્ટક મુજબ સુરક્ષિત અસ્કયામતોનું વેચાણ કરવામાં આવશે.

નિયમો અને શરતો

૧. ઈ-હરાજી અને વેચાણની પ્રક્રિયા અહીં જણાવેલ શરતોને આધીન રહેશે અને અધિકૃત અધિકારીની દેખરેખ હેઠળ આઈસીઆઈસીઆઈ બેંક દ્વારા માન્ય હરાજી સેવા પ્રદાતા યુઆરએલ લિંકઃ "https://icicibank.auctiontiger.net" મારફતે હાથ ધરવામાં આવશે. નિરીક્ષણ, હરાજીની શરતો અને નિયમો અથવા ટેન્ડર સબમિટ કરવા અંગેની કોઈપણ સ્પષ્ટતા માટે, કૃપા કરીને આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના અધિકૃત અધિકારી શ્રી જિજ્ઞેશ શેલાનીનો +૯૧ ૭૫૭૪૮ ૨૧૮૪૬ પર સંપર્ક કરો અથવા jignesh.shelani@icici.bank.in પર ઈમેલ કરો.
૨. ઓનલાઈન ઈ-હરાજી બિડ ફોર્મ, ઘોષણાપત્ર અને ઓનલાઈન હરાજી વેચાણની સામાન્ય શરતો અને નિયમો ધરાવતા ઈ-હરાજી -કમ-ટેન્ડર દસ્તાવેજો "https://icicibank.auctiontiger.net" પર તેમજ અધિકૃત અધિકારી પાસે ઉપલબ્ધ છે.
૩. "આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ" પક્ષમાં અને સુરત ખાતે ચૂકવવાપાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) દ્વારા ઈએમડી (અર્નેસ્ટ મની ડિપોઝિટ), હરાજી નોંધણી-કમ-બિડ ફોર્મ અને અન્ય કેવાયસી દસ્તાવેજો બેંકની શાખા - આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, પહેલો અને બીજો માળ, ગીત પ્રભા કોમ્પલેક્સ, કડીવાલા સ્કૂલ પાસે,મજુરા ગેટ, સુરત, ગુજરાત -૩૯૫૦૦૧ ખાતે ૨૧ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધીમાં જમા કરાવવાના રહેશે. નિયત તારીખ/સમય પછી અથવા ઈએમડી/કેવાયસી દસ્તાવેજો વિના પ્રાપ્ત થયેલ હરાજી નોંધણી-કમ-બિડ ફોર્મ્સને તાત્કાલિક અસરથી રદ કરવામાં આવશે.
૪. બિડ્સ/ઓફર/ઈએમડી સબમિટ કર્યા પછી, ઈ-હરાજી પૂર્ણ ન થાય ત્યાં સુધી બિડર્સને બિડ ફોર્મ અથવા ઈએમડી પાછા ખેંચવાની મંજૂરી નથી. અધિકૃત અધિકારી પાસે કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ બિડ સ્વીકારવાનો કે નકારવાનો અથવા ઈ-ઓક્શન મુલતવી રાખવાનો કે રદ કરવાનો સંપૂર્ણ અધિકાર અને વિવેકાધિકાર છે.
૫. જો અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાના સમાચારપત્રોમાં વેચાણની સૂચનાના પ્રકાશન વચ્ચે કોઈ વિસંગતતા જણાય, તો તેવા સંજોગોમાં અંગ્રેજી પ્રકાશન પ્રાદેશિક ભાષાના પ્રકાશન કરતાં સર્વોપરી ગણાશે અને તેને જ અંતિમ નકલ માનવામાં આવશે, જેથી અસ્પષ્ટતા દૂર થશે.

નિયમોના નિયમ ૮(૬) હેઠળ વેચાણ અંગેની ૧૫ દિવસની કાયદેસરની નોટિસ

આ નોટિસ દ્વારા લેણદારો/જામીનદારો/ગીરો મૂકનારને ફરી એકવાર જાણ કરવામાં આવે છે કે તેઓએ ઈ-હરાજીની તારીખ પહેલાં ઉપર જણાવેલ રકમ, અદ્યતન વ્યાજ અને આનુષંગિક ખર્ચ સાથે ચૂકવી દેવી; તેમ કરવામાં નિષ્ફળ જશે તો સુરક્ષિત સંપત્તિની હરાજી/વેચાણ કરવામાં આવશે અને બાકી નીકળતી રકમ જો કોઈ હોય તો વ્યાજ અને ખર્ચ સહિત વસૂલ કરવામાં આવશે. જો કોઈપણ કારણોસર હરાજી નિષ્ફળ જાય, તો સરફેસી એક્ટ અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ મુજબ, બેંક મોર્ગેજર/મોર્ગેજર્સ સહિતના સંબંધિત પક્ષકારોને વધુ કોઈ નોટિસ આપ્યા વિના ખાનગી કરાર અથવા અન્ય કોઈપણ માધ્યમથી ઉપરોક્ત સુરક્ષિત સંપત્તિનું વેચાણ કરવા માટે સ્વતંત્ર રહેશે.

તારીખ : નવેમ્બર ૦૪, ૨૦૨૬
સ્થળ : ગુજરાત
સહી/-
અધિકૃત ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ